# મહેસાણા એસ.ટી. ડેપોમાં સ્ટાફના અભાવે સંચાલન ખોરવાયું

મહેસાણા, તા. ૨૦

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા ઘણા વખતથી ડ્રાઈવર, કંડકટર અને કલેરીકલ સ્ટાફ તેમજ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓને કારણે એસ.ટી. બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થઈ છે.

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા કેટલાક વખતથી ડ્રાઈવર, કંડકટર તેમજ કલેરીકલ વર્ગના ઘણા કર્મચારીઓ નિવૃત્ત થયા છે. થોડા સમય પૂર્વે એસ.ટી. નિગમે વિવિધ સંવર્ગના કર્મચારીઓ તેમજ ડેપોમેનેજર કક્ષાના અધિકારીઓની ભરતી કરી હતી. પરંતુ કામદારોની ઘટની સરખામણીએ ડ્રાઈવર, કંડકટર કક્ષાના કર્મચારીઓની ખાલી પડેલ જગ્યાઓ સામે તેટલી સંખ્યામાં નવી ભરતી કરવામાં ન આવતાં હાલમાં મહેસાણા એસ.ટી. વિભાગમાં અંદાજે ૧૭૩ જેટલા કંડકટરો અને ૯૫ જેટલા ડ્રાઈવરોની ઘટ પડી છે. આ સાથે વહિવટી સ્ટાફમાં કર્મચારીઓની અછત ઉભી થઈ છે. જ્યારે પાલનપુર વિભાગમાં ૧૩૦ કંડકટરો અને ૬૦ ડ્રાઈવરોની ઘટ છે.

એસ.ટી. તંત્રમાં કરોરજજુ સમાન ડ્રાઈવર અને કંડકટરની ઘટના કારણે તંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને બેવડી નોકરી કરવી પડે છે. આવા કર્મચારીઓને સામાજીક કે બિમારીના કારણસર રજા મળવી પણ મુશ્કેલ બને છે. પરિણામે તેઓની હાલત ભારે કફોડી બની છે. જરૂરીયાત મુજબના કામદારોના અભાવે મહેસાણા એસ.ટી. વિભાગના જુદા જુદા ડેપો મથકોએથી ઉપડતી શિડ્યુલ બસોની ટીપો ઘણીવાર રદ થતી હોય છે. આવી સ્થિતિના લીધે ઉનાળુ વેકેશન અને લગ્નગાળાનીસીઝનના લીધે બસોમાં ટ્રાફીકનું પ્રમાણ વધી જતાં મુસાફરોને હાલાકી પણ ભોગવવી પડે છે. હાલના સમયમાં મુસાફરોની ભારે ભીડને જોતાં એસ.ટી. તંત્રની આવકમાં વધારો થઈ શકે તેમ છે પરંતુ કામદારોની શોર્ટેજના કારણે તંત્રની આવકમાં ફટકો પડી રહ્યો છે.

મહેસાણા વિભાગ હસ્તકના મહેસાણા, ઊંઝા, કડી, કલોલ, વિસનગર, ખેરાલુ, પાટણ, વડનગર, ચાણસ્મા, હારીજ, બેચરાજી ડેપોમાં શિડ્યુલ બસોના દૈનિક સંચાલનમાં, બસોની જાળવણીમાં તેમજ વહીવટને લગતી કામગીરીમાં મુશ્કેલી ઉભી થઈ છે. એક કર્મચારીને બેવડી કે ત્રેવડી કામગીરી બજાવવી પડે છે. જેથી તેઓને કામનું ભારણ વધી ગયેલ છે. એસ.ટી.તંત્ર દ્વારા વિવિધ સ્થાનોની ખાલી પડેલ અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાના પ્રમાણમાં નિગમ દ્વારા ઘટની સંખ્યાના પ્રમાણ મુજબ ભરતી ન થતાં ડેપો મથકોએ દૈનિક શિડ્યુલ બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરી પર માઠી અસર પડી છે.

## આઈ.પી.એલ. સ્પોટ ફિકસિંગમાં ઊંઝાના બુકીઓની સંડોવણી

મહેસાણા, તા. ૨૦

આઈ.પી.એલ.નું મોટુ સ્પોટ ફિકસિંગ કૌભાંડ બહાર આવતાં સમગ્ર દેશમાં ભારે હલચલ મચી જવા પામી છે. આ પ્રકરણમાં ચોંકાવનારી હકિકતો અંગે ઉચ્ચસ્તરીય પોલીસ તપાસ હાથ ધરાઈ છે. જેમાં સટ્ટાની રકમ ગુજરાત રાજ્યમાંથી પણ ચૂકવવામાં આવી હોવાની આશંકાને આધારે દિલ્હી પોલીસે ઉત્તર ગુજરાતના ક્રિકેટ સટ્ટાના મુખ્ય કેન્દ્રો મનાતા બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાના કેટલાક શહેરો અને નગરોમાં બુકીઓની તપાસ આરંભી છે. ત્યારે ઊંઝાના કથિત બુકીઓની સંડોવણી હોવાની શંકાના પગલે દિલ્હી પોલીસે ખાનગીરાહે ઊંઝા શહેરમાં તપાસ કરી ક્રિકેટ સટ્ટા સાથે સંકળાયેલ મનાતા એક શખ્સને ઉપાડી લીધો હોવાની ચર્ચાએ આ વિસ્તારમાં ચકચાર જગાવી છે. જો કે આ વિશે સ્થાનિક પોલીસને કોઈ જ જાણ નથી.

જિલ્લામાં મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુર ક્રિકેટસટ્ટાના કેન્દ્રો મનાય છે. આ શહેરોમાં કેટલાક બુકીઓ વર્ષોથી આ ગેરકાયદે ધંધો ચલાવી રહ્યાનું કહેવાય છે.

## કરણપુર પાસે ઉભી રહેલી ટ્રક પાછળ એસટી બસ ઘુસી જતા સાતને ઈજા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કરણપુર પાસે છેલ્લા ૨૪ કલાકમાં ચાર અકસ્માત સર્જાયા હતા. જેમાં સોમવારે સવારે બે કાર અને ત્યારબાદ ઉભી રહેલી ટ્રક અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બસ ચાલક અને કંડકટર સહિતા સાતને ઈજાઓ થવા પામી હતી. અકસ્માત અંગે ગાંભોઈ પોલીસ મથકે અનવરખાન બાબુખાન હમાલની ફરિયાદ આધારે પોલીસએ એસટીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંભોઈ પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ સોમવારે વહેલી સવારે ટ્રક નં. એમ.પી. ૩૩-એચ. ૧૮૬૬માં જામનગરના ખંભાળિયાથી ઈંટો ભરીને ચાલક અનવરખાન બાબુખાન હમાલ ટ્રક લઈને મધ્યપ્રદેશના રીવા ખાતે લઈ જઈ રહ્યો હતો દરમિયાન ટ્રકનું સ્ટેરીંગ લોક થઈ જતા કરણપુર ગામ નજીક ટ્રક ઉભો હતો. ત્યારે સવારના ૬ થી ૭ ના સમયગાળામાં હિંમતનગરથી ગોધરા જઈ રહેલ લોકલ એસટી બસ નં. જીજે- ૧૮- વાય- ૬૦૮૧ ઉભી રહેલી ટ્રક પાછળ ઘુસી ગયેલ પરિણામે એસટી બસના ચાલક, કંડકટર અને સવાર મુસાફરો સહીત સાતને શરીરે ઈજાઓ થવા પામી હતી. જેમને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ હતા. આ અંગે ઉભી રહેલી ટ્રકના મધ્યપ્રદેશ છીપરી તાલુકા અને જિલ્લાના ચાલક અનવરખાનિ બાબુખાન હમાલએ ગાંભોઈ પોલીસ મથકે એસટી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી ગાંભોઈ પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઈ- પી. સી. ઝાલા અને ટ્રાફિક પીએસઆઈ- જી.એ. પટેલે સ્થળ પર જઈ ટ્રક અને અકસ્માતગ્રસ્ત એસટી બસને કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના મેથાણ ગામે ખેડૂતોને આધુનિક ટેકનોલોજીની જાણકારી મળી રહે તે માટે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. -ગતિશીલ ખેડૂતો અને કૃષિ ઋષિઓ સાથે જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પંડયા અને ખેતીવાડી અધિકારીઓ ઉપસ્થિત રહી ખેતરમાં ડ્રીપ ઈરીગેશનનું રૂબરૂ નિદર્શન કરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સિદ્ધપુર તાલુકાના મેથાણ ગામે ૨૯ ખેડૂતોએ ભેગા મળી ૧૦૦ વિઘા જમીનમાં ટપક સિંચાઈ પદ્ધતિનો અમલ કર્યો

પાટણ, તા. ૨૦

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના મેથાણ ગામે કૃષિ મહોત્સવ દરમિયાન ખેડૂતોને ટપક સિંચાઈ પધ્ધતિની રૂબરૂ જાણકારી મળી રહે તે માટે નિદર્શન રાખવામાં આવેલ. જેમાં ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. પંડયા ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

આ સંગે માહિતી બ્યુરોની ટીમે યુવા અને ગતિશીલ ખેડૂત હઝરતભાઈની મુલાકાત લેતાં તેમણે જણાવ્યું હતું કે, હું અને મારા યુવા મિત્ર કરીમભાઈએ સને ૨૦૧૦માં કંઈક નવું કરવા વતન મેથાણ ગામે આવ્યા હતા. આધુનિક ખેતી કરવાનો સંકલ્પ કર્યો. પરંતુ શરૂઆતમાં ગામના ખેડૂતોનો સહયોગ ન મળ્યો. નાશીપાસ થયા વગર કૃષિ ક્ષેત્રનો અનુભવ ન હોવા છતાં અમે જિલ્લા અને તાલુકાના ખેતીવાડી અધિકારીઓ અને વહીવટી તંત્રનો સહયોગ મળતાં આધુનિક ખેતી કરવાનું સાહસ કર્યું.





અમારા ખેતરમાં આધુનિક ટેકનોલોજીથી ખેતી કરવા માટે ટપક સિંચાઈ પધ્ધતિ અને નેટ હાઉસનો ઉપયોગ કર્યો. ધીરે ધીરે અમારી આજુબાજુની જમીનોના ૨૯ ખેડૂતોને સમજાવી ટપક સિંચાઈ પધ્ધતિનો અમલ કરાવ્યો. ૨૯ ખેડૂતોની ૧૦૦ વીઘા જમીનમાં એગ્રીકલ્ચર ફાર્મ બનાવી ૧૦૦ વીઘા જમીનમાં ટપક સિંચાઈ પધ્ધતિ- ૪ એકર જમીનમાં નેટ હાઉસ ઉભું કરવામાં આવ્યું.

આ એગ્રીકલચર ફાર્મનું મેનેજમેન્ટ મને અને મારા મિત્ર કરીમભાઈને સોંપવામાં આવ્યું. કયા પાકનું અને કઈ જમીનમાં વાવેતર કરવું તેની અમને જવાબદારી સોંપવામાં આવી. હાલમાં આ ફાર્મમાં પાટણ જિલ્લામાં કેળના વાવેતરની થમ વખત શરૂઆત કરવામાં આવી છે. આ સાથે દાડમ, પપૈયા, સક્કરટેટી, ટામેટાં, કેપ્સીકમનું વાવેતર કરવામાં આવ્યું. ફાર્મની આવક ૨૯ ખેડૂતોની જમીનના ભાગ માણે નફાની વહેંચણી કરવામાં આવે છે. આધુનિક ખેતીથી ઓછા ખર્ચે વધુ આવક થાય છે.

ટપક સિંચાઈ પધ્ધતિથી પાણીની ત્રણ ઘણી બચત થાય છે. રાસાયણિક ખાતરની બચત થાય છે. નિંદામણ ઓછું થતાં મજુરી ખર્ચ ઘટે છે. ઉત્પાદન ગુણવત્તાવાળું અને વધુ મળે છે. નેટ હાઉસથી ઉનાળામાં પણ ગમે પાક લઈ શકાય છે. અને પાકના ઉંચા ભાવો મળે છે. અમે ખેતીને ઉદ્યોગ બનાવી વધુ નફો થાય તેવા યત્નો કરી રહયા છીએ.

જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. પંડયાએ યુવા ગતિશીલ ખેડૂત શ્રી હઝરતભાઈ અને સલીમભાઈને આધુનિક ખેતી કરી ખેડૂતોને નવી રાહ બતાવવા બદલ અભિનંદન આપ્યા હતા. ફાર્મમાં ટપક પધ્ધતિ અને નેટ હાઉસ જોવા આવનાર ખેડૂતો પણ યુવા ખેડૂતોની કામગીરી નિહાળી ખુશ થયા હતા.

## આવનારી પેઢીઓ માટે ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી પાણીની બચત કરીએ : સાંસદ નટુજી ઠાકોર

પાટણ, તા. ૨૦

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના મેથાણ ગામે ખેડૂતોને આધુનિક ટેકનોલોજીની જાણકારી મળી રહે તે માટે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. -ગતિશીલ ખેડૂતો અને કૃષિ ઋષિઓ સાથે જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. કે. પંડયા અને ખેતીવાડી અધિકારીઓ ઉપસ્થિત રહી ખેતરમાં ડ્રીપ ઈરીગેશનનું રૂબરૂ નિદર્શન કરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ -સંગે સાંસદશ્રી નટુજી ઠાકોરે ખેડૂતોને જણાવ્યું હતું કે, આવનારી પેઢીઓ માટે ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવી પાણીની બચત કરીએ. ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે, ત્યારે ખેડૂતોને આધુનિક ખેતી કરવા જણાવતાં જમીનની લેબોરેટરી કરાવી જે તત્વોની ઉણપ હોય તેનું પૃથ્થકરણ કરાવી પાકની વાવણી કરી જરૂરીયાત મુજબ ખાતર-પાણી આપવા અનુરોધ કર્યો હતો. આ વિસ્તારમાં પાણીની અછત હોવાથી રાજય સરકાર દ્વારા વરસાદી પાણી જમીનમાં ઉતારવા બોરીબંધ, ખેત તલાવડી અને તળાવો ઉંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ રાજય સરકાર દ્વારા ખેડૂતો અને પશુપાલકો માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે તેનો લાભ લેવા તથા ખેડૂતોએ ખેતીને ઉદ્યોગ ગણી આધુનિક સાધનોથી ખેતી કરવા સાંસદશ્રી ઠાકોરે અનુરોધ કર્યો હતો.

આ -સંગે પાટણ જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલે કૃષકોને સંબોધતાં કહયું હતું કે, ઉત્તર ગુજરાત નપાણિયો વિસ્તાર છે. રાજય સરકાર દ્વારા પાટણ જિલ્લાના ખેડૂતોના ખેતરોમાં પાણી પહોંચાડવા સુજલામ-સુફલામ યોજના અને નર્મદા કેનાલની માઈનોર કેનાલો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પાટણથી ડીડરોલ પાઈપલાઈનનું કામ પુરજોશમાં ચાલુ છે.



જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલે કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ ખેડૂતો ટપક સિંચાઈ પધ્ધતિનો અમલ કરે અને પાણીની બચત કરી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

આ -સંગે જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરાએ જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં ઉદ્યોગો નહીવત છે. પાટણ જિલ્લો ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. પાટણ જિલ્લાને આર્થિક સમૃધ્ધ બનાવવા માટે કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ અને પશુપાલન ક્ષેત્રે શ્વેત ક્રાંતિ લાવવી પડશે. પાટણ જિલ્લામાં નર્મદા કેનાલથી પાણી મળશે . પરંતુ પાણીનો વધુ ઉપયોગ કરવાથી જમીન ખારાશવાળી બનશે. જેનાથી નુકશાન થશે. જેનાથી બચવા માટે ખેડૂતોએ ફુવારા અને ટપક સિંચાઈ પધ્ધતિથી પાણીનો સમુચિત ઉપયોગ કરવો પડશે..

જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરાએ વધુમાં જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં ખેડૂતોના સહયોગથી બે મહિનામાં ૧૫ હજાર હેકટર જમીનમાં ફુવારા અને ટપક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રે ખાસ અભિયાન ઉપાડયું છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ,
સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે,
ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૩૫ | ૬૫૦ |
| મકાઈ | ૨૩૫ | ૨૫૪ |
| ઘઉં | ૩૦૮ | ૩૭૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૪ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૦૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૨૯૫ | ૩૩૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૪૦ |
| એરંડા | ૬૫૦ | ૬૫૬ |
| મગ | ૧૦૫૦ | ૧૦૮૧ |
| અડદ | ૬૦૦ | ૬૫૦ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૮ |
| બાજરી | ૨૫૦ | ૩૦૭ |
| ઘઉં | ૨૯૯ | ૩૮૫ |
| ગવાર | ૧૬૭૫ | ૧૮૦૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| કપાસ | ૭૫૦ | ૮૦૦ |
| ચણા | ૬૨૫ | ૮૬૧ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૧ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૮ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૯૩ | ૩૦૩ |
| ઘઉં | ૩૦૨ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૨ |
| ગવાર | ૧૫૦૦ | ૧૬૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૦ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૨૫ | ૫૬૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૯૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૨૧૦ | ૨૭૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| જુવાર | ૨૩૦ | ૩૨૫ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૭ |
| ઘઉં | ૩૦૫ | ૪૨૧ |
| મગ | ૮૦૦ | ૯૦૦ |
| બાજરી | ૨૭૫ | ૨૮૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| ચણા | ૬૦૦ | ૬૪૦ |
| તુવેર | ૭૦૦ | ૮૫૧ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૫૮ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૫૫ |

| ઇડર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૪૦૦ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૧ |
| એરંડા | ૬૬૦ | ૬૬૮ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| રાયડો | ૫૬૦ | ૫૮૫ |
| મગફળી | ૭૨૫ | ૮૬૦ |
| કપાસ | ૭૫૫ | ૭૮૫ |
| તલ | ૧૮૫૦ | ૧૯૯૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૩૫ |
| તુવેર | ૬૧૦ | ૬૭૫ |
| સોયાબીન | ૬૫૫ | ૬૮૫ |
| અડદ | ૫૫૦ | ૬૧૦ |
| ચણા | ૬૪૦ | ૬૮૦ |
| જુવાર | ૩૩૫ | ૪૨૦ |
| જવ | ૨૫૫ | ૨૮૦ |
| મગ | ૮૬૫ | ૯૭૦ |

| કડી | | |
|---|---|---|
| સવા | ૬૦૫ | ૬૨૨ |
| ઘઉં | ૨૯૪ | ૪૦૦ |
| ડાંગર | ૩૭૦ | ૩૮૦ |
| બાજરી | ૨૯૦ | ૩૦૫ |
| જવ | ૨૩૪ | ૨૫૯ |
| ગવાર | ૧૭૫૯ | ૧૮૦૦ |
| એરંડા | ૬૫૦ | ૬૫૭ |
| રાયડો | ૫૫૫ | ૫૯૭ |
| જીરૂ | ૧૫૮૦ | ૨૪૬૧ |
| વરીયાળી | ૮૦૦ | ૯૭૧ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૮૦ |
| બાજરી | ૨૯૪ | ૩૦૭ |
| એરંડા | ૬૪૮ | ૬૬૦ |
| રાયડો | ૬૨૦ | ૬૫૩ |
| રાજગરો | ૮૪૦ | ૯૩૦ |

| | | |
|---|---|---|
| જવ | ૨૩૫ | ૨૪૦ |
| મગ | ૯૬૧ | ૧૦૫૬ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાજગરો | ૫૦૦ | ૮૭૦ |
| રાયડો | ૫૪૦ | ૬૬૨ |
| એરંડા | ૬૪૨ | ૬૬૪ |
| ગવાર | ૧૬૦૨ | ૧૭૫૮ |
| ઘઉં | ૨૮૦ | ૪૨૮ |
| બાજરી | ૨૬૦ | ૩૪૪ |
| કપાસ | ૭૪૦ | ૭૮૨ |
| સવા | ૮૬૮ | - |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ |
| બાજરી | ૨૩૦ | ૩૧૮ |
| રાયડો | ૫૫૫ | ૬૫૨ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦.૫૦ |
| કપાસ | ૪૨૧ | ૯૪૫ |
| જુવાર | ૩૦૦ | ૪૭૦ |
| તલ | ૧૨૦૦ | ૧૮૭૫ |
| જવ | ૨૫૦ | - |
| મેથી | ૫૦૦ | ૫૪૦ |
| ગવાર | ૧૭૨૦ | ૧૭૮૨ |
| રાજગરો | ૬૧૫ | ૬૨૫ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૯ | ૪૧૯ |
| જીરૂ | ૨૧૪૬ | ૨૧૫૫ |
| રાયડો | ૫૬૮ | ૬૬૧ |
| રજકાળી | ૨૫૫૨ | ૨૫૭૧ |
| મેથી | ૫૧૬ | - |
| સવા | ૬૫૧ | ૬૮૬ |
| વરીયાળી | ૯૩૯ | - |
| એરંડા | ૬૪૭ | ૬૬૧ |
| અજમો | ૭૭૭ | ૧૨૨૯ |
| બંટી | ૩૫૦ | - |
| ગવાર | ૧૭૫૨ | ૧૭૭૦ |

| અંબાલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૯૦ | - |
| રાયડો | ૬૦૩ | ૬૧૦ |
| એરંડા | ૬૫૭ | ૬૬૦ |

| જોટાણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૫૬ | - |
| એરંડા | ૬૫૩ | ૬૫૬ |
| રાયડો | ૬૧૭ | ૬૨૫ |

| હારીજ | | |
|---|---|---|
| ઈસબગુલ | ૧૨૨૬ | ૧૨૮૯ |
| રાયડો | ૬૦૦ | ૬૪૭ |
| એરંડા | ૬૪૦ | ૬૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૫૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૫૧ |
| અડદ | ૪૦૦ | ૬૦૦ |
| ચણા | ૬૨૦ | ૬૪૮ |
| જીરૂ | ૧૯૫૦ | ૨૪૫૧ |
| સવા | ૬૦૦ | ૬૭૩ |
| કાલણ | ૫૫૦ | ૫૭૭ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૪ |
| એરંડા | ૬૪૯ | ૬૫૮ |
| એરંડા | ૬૪૯ | ૬૫૮ |
| બાજરી | ૨૮૦ | ૩૦૦ |
| રાયડો | ૬૦૬ | ૬૨૧ |
| ગવાર | ૧૮૧૧ | ૧૮૧૫ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૨૫૦ | ૨૪૬૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૪૦૦ |
| રાયડો | ૫૭૦ | ૬૯૩ |
| મેથી | ૫૧૫ | ૬૫૦ |
| સવા | ૬૨૫ | ૭૨૬ |
| એરંડા | ૬૩૦ | ૬૬૮ |
| ઘઉં | ૨૫૨ | ૪૧૬ |
| બાજરી | ૨૮૦ | ૩૨૦ |
| ગવાર | ૧૭૧૭ | ૧૭૮૪ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૬૮૬ |
| વરીયાળી | ૮૨૫ | ૨૧૮૦ |
| ઈસબગુલ | ૧૧૨૫ | ૧૬૪૩ |
| સરસવ | ૬૬૦ | ૬૭૮ |
| રાયડો | ૫૭૦ | ૬૮૪ |
| તલ | ૧૮૫૧ | ૨૨૪૧ |
| સવા | ૭૦૧ | - |